## વિદ્યાનિકેતનનાં કાર્યો

૧. પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સ્તર સુધી ગુણવત્તાસભર શિક્ષણના વ્યવહારુ નમૂનાઓનું નિદર્શન કરવું.

૨. વિવિધ સ્તરના અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો, અધ્યાપન પદ્ધતિઓ, મૂલ્યાંકન પદ્ધતિઓ તથા સહ આભ્યાસિક પ્રવૃત્તિઓનું સર્જન કરવું.

૩. શિક્ષણ તથા પ્રશિક્ષણને લગતાં સંશોધનો માટેની પ્રયોગભૂમિ નિર્માણ કરવી.

૪. 'સામાજિક ચેતના કેન્દ્ર' તરીકે આસપાસના સમુદાયો સાથે પ્રત્યક્ષ વિનિમય થાય તેવા કાર્યક્રમો અને પ્રકલ્પો હાથ ધરવા.

૫. ભારતીય જીવનમૂલ્યોની પ્રસ્થાપના માટે આભ્યાસિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

૬. માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર કરવું તથા ભાવાત્મક અને ક્રિયાત્મક ક્ષેત્રોમાં વિષયોનું અધ્યયન-અધ્યાપન કરાવવું.

૭. સ્વત્વની ઓળખ, સહજીવન અને સંયમ જેવાં જીવનલક્ષી પાસાંઓના વિકાસ માટે અનુભવો પૂરા પાડવા.

૮. માતૃભાષામાં સર્જનશીલતા સુધીનું સામર્થ્ય વિકસાવવા માટે આ વિષયનું શિક્ષણ કરવું.

૯. પ્રાચીન જ્ઞાન-વિજ્ઞાન અને આધુનિક ટેક્નોલોજીનો સમન્વય કરવો.

૧૦. વિદ્યાર્થી - શિક્ષક - આચાર્ય - વાલી - ગ્રામજનો સાથે આત્મીય સંબંધો કેળવવા.

૧૧. પ્રકૃતિદર્શન, નભોદર્શન તથા વિવિધ કલાઓનો અભિગમ વિકસાવવો.

૧૨. પરંપરાગત કૌશલો તથા હુન્નરોનું વિધિપુરસ્સર શિક્ષણ આપવું.

૧૩. વિદ્યાર્થીની અભિરુચિ તથા અભિયોગ્યતાની કસોટી લઈ એની વિશિષ્ટતા અનુસાર વિશેષ શિક્ષણ આપવું.

૧૪. આસપાસની શાળાઓ તથા વિદ્યાર્થીઓને અવારનવાર આમંત્રણ આપી વિદ્યાર્થી-શિક્ષક વિનિમય કાર્યક્રમો દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દર્શન તથા વ્યવહારનો પ્રચાર-પ્રસાર કરવો.

૧૫. રાષ્ટ્રભક્તિથી ઓતપ્રોત યુવાનોને તૈયાર કરી સમાજને સ્વસ્થ અને સુદૃઢ બનાવવો.

## વિદ્યાનિકેતનોમાં કરવાના કાર્યક્રમો

૧. બાળમેળા, ગણિતમેળા, વિજ્ઞાનમેળા
૨. નૃત્ય, નાટક, સંગીત, ખેલકૂદ સંબંધિત કાર્યક્રમો
૩. વિવિધ વિષયોના શિક્ષક-પ્રશિક્ષણ વર્ગો
૪. TLM વર્કશોપ
૫. તેજસ્વિતા સંવર્ધન શિબિર
૬. પ્રિય બાળકોના શિક્ષણ-વિકાસલક્ષી કાર્યક્રમો
૭. વ્યક્તિત્વ વિકાસ શિબિર
૮. વૈદિક ગણિત, ભારતીય સંસ્કૃતિ, ગુજરાતની અસ્મિતા, સંગીત, ચિત્રકામ વગેરેના ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સ
૯. કમ્પ્યૂટર - IT ના કૌશલ્ય વર્ગો
૧૦. સંસ્કૃત સંભાષણ અને Spoken English ના વર્ગો
૧૧. રાષ્ટ્રીય તહેવારોની વિશિષ્ટ ઉજવણી
૧૨. વિદ્યાનિકેતનો વચ્ચે વિદ્યાર્થી-શિક્ષક આદાન-પ્રદાન
૧૩. ભારત જ્ઞાન પરીક્ષા
૧૪. બાળગીત, અભિનય ગીત, ભાવગીત, હાલરડાં
૧૫. ભારત-પરિચય, ભારતના ગૌરવવંતા વારસાનો પરિચય
૧૬. પ્રકૃતિ-પર્યાવરણ શિક્ષણ
૧૭. દેશભક્તિ ગીત સ્પર્ધા
૧૮. તારુણ્ય શિક્ષણ
૧૯. સર્જક સાથે સંવાદ
૨૦. નભોદર્શન
૨૧. કારકિર્દી માર્ગદર્શન
૨૨. કઠપૂતળી કલા-નિદર્શન
૨૩. વાર્તાકથન-વાર્તાસર્જન
૨૪. ગુજરાતી ભાષાશિક્ષણ : કહેવતો, રૂઢિપ્રયોગો, કાવ્યાસ્વાદ
૨૫. વિજ્ઞાનશિક્ષણ - કદમ કદમ પર વિજ્ઞાનની અનુભૂતિ



શિક્ષણ એટલે શ્રેષ્ઠ મનુષ્ય - નિર્માણની પ્રક્રિયા

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.

# વિદ્યાનિકેતન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની વિશિષ્ટ શૈક્ષણિક કાર્યયોજના

Children's University
Every Child Matters
તેજસ્વી બાલક: તેજસ્વી ભારત


**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ
છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક
સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬
E-mail : vccu.gujarat@gmail.com
Website : www.cugujarat.ac.in

## ભૂમિકા

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ધ્યેયસૂત્ર છે :

**'પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.'**

- પ્રત્યેક બાળક ઈશ્વરનું વરદાન છે.
- પ્રત્યેક બાળક અનન્ય છે, આનંદસ્વરૂપ છે અને એનામાં અનેક શક્તિઓ છુપાયેલી છે.
- બાળકમાં રહેલી અસીમ ક્ષમતાઓ અને લાક્ષણિકતાઓને પારખવી જરૂરી છે.
- બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું પ્રગટીકરણ કરી એનો સર્વાંગી વિકાસ કરવાનું કામ શિક્ષણ નામનું તત્ત્વ કરે છે.



- શિક્ષણ એક અતિ ઉચ્ચ સમાજધર્મ છે.

### તેના ત્રણ આયામો છે :

૧ વિકૃતિનું સમાર્જન... શુદ્ધીકરણ

૨ પ્રકૃતિનું સંવર્ધન... વૃદ્ધીકરણ

૩ સંસ્કૃતિનું પૂજન... સમૃદ્ધીકરણ

- શિક્ષણના માધ્યમથી શુદ્ધિ, વૃદ્ધિ અને સમૃદ્ધિ અપેક્ષિત છે.
- શિક્ષણ જ એવું તત્ત્વ છે જે આપણને આપણા જન્મજાત સંસ્કારો, માતૃભૂમિની મહેક અને આપણા મહાન પૂર્વજોની પરંપરા સાથે જોડી રાખે છે.
- શિક્ષણ એ જેમ વ્યક્તિનિર્માણનું પરિબળ છે તેમ સમાજ-પરિવર્તનનું પણ અસરકારક માધ્યમ છે.
- જીવ, જગત અને જગદીશનો દિશાબોધ કરાવે એનું નામ શિક્ષણ.
- શિક્ષણની રચના એવી કરવી જોઈએ કે જેના દ્વારા વ્યક્તિ શ્રમ, સંયમ અને સંસ્કારની મહત્તા સમજે અને સમાજ આત્મનિર્ભર બને.



- એક ચિંતકે કહ્યું છે, ''જે દિવસે મનુષ્ય શિક્ષણ દ્વારા પોતાની સંપૂર્ણતાનો સાક્ષાત્કાર કરી લેશે તે દિવસ વિશ્વના ઈતિહાસમાં સંપૂર્ણ ક્રાંતિનો દિવસ હશે.''

**શિક્ષણની મેઘધનુષી સપ્તરંગી આભા :**

૧.માતાપિતા દ્વારા લાલનપાલન - પ્રેમભર્યો ઉછેર

૨.ચારિત્ર્ય નિર્માણ કરે એવું પારિવારિક વાતાવરણ

૩.શિક્ષક દ્વારા આત્મવિશ્વાસ વધારનારું ઘડતર

૪.પૂર્ણ વિકસિત વ્યક્તિત્વનું સમાજજીવનમાં વિલીનીકરણ

૫.માતા-માતૃભાષા-માતૃભૂમિ પ્રત્યેની અનન્ય નિષ્ઠા

૬.સમગ્ર સૃષ્ટિ સાથે અપ્રતિમ તાદાત્મ્ય

૭.પરમેષ્ઠી - પરમ તત્ત્વની ચેતનાનો સાક્ષાત્કાર

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું શિક્ષણદર્શન

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું દર્શન ત્રિપરિમાણીય છે -**

૧.બાળકોમાં વૈયક્તિક સ્વાતંત્ર્ય, સાર્વત્રિક સમતાવાદ અને વૈશ્વિક તેમ જ આધ્યાત્મિક બંધુતાનો સમન્વય કરવો.

૨.બાળકોને ઉચ્ચતમ આધ્યાત્મિક સત્યોની અનુભૂતિ કરાવવી.

૩.બાળકોને ભૌતિક સંશોધનો માટે સજ્જ કરી આર્થિક સમૃદ્ધિ વધારવી અને સાથોસાથ ઉદાત્ત ચારિત્ર્ય અને આત્મગૌરવનું નિર્માણ કરવું.



## વિદ્યાનિકેતનનાં લક્ષ્ય

૧.ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણદર્શનનું વ્યવહારમાં રૂપાંતર કરવું.

૨.ભારતીય દર્શન તથા મનોવિજ્ઞાનની આધારશિલા પર શિક્ષણતંત્ર વિકસાવવું અને ક્રિયાન્વિત કરવું.

૩. ૩ થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોના સર્વક્ષેત્રીય વિકાસમાં મદદ કરવી.

૪. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરેલાં સંશોધનોનાં પરિણામો પરથી ફલિત થયેલી સમજ અનુસાર પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક કક્ષાએ શિક્ષણનું પ્રયોગીકરણ તથા પુનર્ગઠન કરવું.

૫. સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવું.